દિલ્હી ગેટની કપડાંની દુકાનમાં આગ, ગ્રાહકો-સ્ટાફનો બચાવ

સુરતઃ દિલ્હી ગેટ સિનેમા રોડ પર આવેલી એક કપડાની દુકાનમાં બપોરનાં સમયે આગ લાગી જતાં ભાગદોડ મચી ગઈ હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ દિલ્હી ગેટ મેઈન રોડ ઉપર ટાઈગર નામની તૈયાર કપડાની દુકાનમાં શનિવારે બપોરે 2:30 કલાકે એકાએક આગ લાગી ગઈ હતી. આગ લાગી તે સમયે દુકાનમાં સ્ટાફ તથા ગ્રાહકો હાજર હતા. આગ લાગતા અને ધુમાડો નીકળતો જોઈ દરેક લાકો જીવ બચાવવા દોડીને બાહર આવી ગયા હતા. બાદમાં ફાયર કંટ્રોલને તેની જાણ કરવામાં આવતા ઘાંચીશેરી, કતારગામ તથા નવસારી બજારનો ફાયર કાફલો ઘટના સ્થળે રવાના કરી દેવામાં આવ્યો હતો. ફાયર સબ ઓફિસર રસિક ગામિતે જણાવ્યુ હતું કે, ફાયરની ટીમ જ્યારે સ્થળ ઉપર પહોંચી હતી ત્યારે આગ લાગવાને કારણે દુકાનમાં ધુમાડો અને આગની જ્વાળાઓ ફેલાઈ ગઈ હતી. ખાસ કરીને દુકાનની પાછલા ભાગમાં રાખેલો તૈયાર કપડાનો

સ્ટોક આગની લપેટમાં આવી ગયો હતો. તેથી ફાયરની ટીમોએ સતત પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં જ આગ ઉપર કાબૂ મેળવી લેવાયો હતો. તેથી દુકાનમાં આગળની તરફ અને ડિસ્પલે કરેલો તૈયાર કપડાના જથ્થાને બચાવી લેવામાં આવ્યો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવામાં આવ્યું હતું.

અઝરબૈજાન પહોંચ્યા ત્યારે ખબર પડી વિઝા નકલી છે

એલ્બેનિયા વર્ક વિઝાના નામે અમદાવાદના મર્ચન્ટ નેવી એન્જિનિયર અને સુરતના યુવાન સાથે લાખોની ઠગાઈ

સુરતઃ અલ્બેનિયા દેશના વર્ક પરમિટ વિઝા અને જોબ ઓફર લેટર અપાવવાના બહાને અડાજણના દંપતીએ મર્ચન્ટ નેવીના એન્જિનિયર પાસેથી કુલ ૧૭.૪૧ લાખ પડાવી લીધા હતા. જોકે વિઝા સાથે અઝરબૈજાનથી અલ્બેનિયા જવા નીકળ્યો અને ત્યાંના એરપોર્ટ પર ઈમિગ્રેશન ઓફિસરે વિઝાને નકલી ગણાવી તેમને પરત ભારત રવાના કરી દીધા હતા.

મૂળ અમદાવાદમા રહેતા અને મર્ચન્ટ નેવીમાં એન્જિનિયર તરીકે નોકરી કરતાં યશકુમાર કિર્તીકુમાર પટેલે પાંડેસરા પોલીસમથકમાં

મુંબઈની હોટલમાં પાંચ દિવસના 'ખોટા વાયદા'

ફરિયાદ અનુસાર, ગત ૧૮ માર્ચ ૨૦૨૫ના રોજ આરોપી બ્રિજેશ પટેલે યશકુમાર અને પથિકને અલબેનિયાના વિઝા અને જોબ લેટર આપી મુંબઈની 'ફાઉન્ટેન હોટલ' ખાતે પહોંચવા જણાવ્યું હતું. ત્યાં પહોંચ્યા બાદ બ્રિજેશે ચાલાકી વાપરી તેમને બીજી હોટલમાં શિફ્ટ કરી દીધા હતા. બંને મિત્રો વારંવાર ટિકિટ માટે પૂછતા હતા, પરંતુ બ્રિજેશ તેમને ૪ થી ૫ દિવસ સુધી મુંબઈની હોટલમાં રોકી રાખી ખોટા વાયદા આપતો રહ્યો હતો. આખરે ૨૩ માર્ચના રોજ તેણે અચાનક અઝરબૈજાનના વિઝા મોકલીને જણાવ્યું હતું કે, તમને વાયા અઝરબૈજાન થઈને અલબેનિયા મોકલી રહ્યો છું.

ફરિયાદમાં જણાવ્યું હતું કે,તેમણે પાંડેસરાની શ્રૃંગલ રેસિડન્સીમાં રહેતા મિત્ર પથિક પટેલ સાથે અલ્બેનિયામાં નોકરીએ જવું હોય, અડાજણની ક્રિશ રેસિડેન્સીમાં રહેતા બ્રિજેશ પટેલનો સંપર્ક કર્યો હતો. તેણે વર્ક પરમિટ માટે કુલ ૧૭,૪૧,૦૦૦ કીધા હતા. આરોપી બ્રિજેશ અને તેની પત્ની પ્રિયંકાબેને યશ પાસેથી ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ થી ૧૦ માર્ચ ૨૦૨૫ દરમિયાન રોકડા તેમજ બેંક એકાઉન્ટ મારફતે કુલ ૧૭.૪૧ લાખ મેળવી લીધા હતા. વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ વોટ્સએપ પર 'ટેસ્ટ વિઝા' અને ખોટા જોબ ઓફર લેટર પણ મોકલ્યા હતા. ગત વર્ષ માર્ચ મહિનામાં આરોપીએ બંને મિત્રોને વાયા અઝરબૈજાન થઈ અલ્બેનિયા મોકલવાનું આયોજન કર્યું હતું. તેઓ ૨૪ માર્ચે અઝરબૈજાન પહોંચ્યા હતા. ત્યારબાદ ૨૭ માર્ચના રોજ જ્યારે તેઓ બાકુ એરપોર્ટ પરથી અલ્બેનિયા જવા માટે ઈમિગ્રેશન ક્લિયરન્સમાં ગયા, ત્યારે ત્યાંના અધિકારીઓએ વિઝા સ્કેન કરતાં તે બનાવટી હોવાનું જણાયું હતું. ઈમિગ્રેશન ઓફિસરે તેમને જેલભેગા કરવાની ધમકી આપતા બંને મિત્ર ગભરાઈ ગયા હતા અને અંતે ભારત પરત ફર્યા હતા.

ભારત પરત આવીને જ્યારે યશકુમારે રૂપિયાની ઉઘરાણી કરી અને અલ્બેનિયા સરકારના ઈમેઈલ દ્વારા વિઝા ફેક હોવાના પુરાવા રજૂ કર્યા, ત્યારે આરોપીએ ગલ્લાંતલ્લાં કર્યા હતા. ભારે આજીજી બાદ આરોપીએ ૭,૬૦,૦૦૦ પરત કર્યા હતા, પરંતુ બાકીના ૯,૮૧,૦૦૦ પરત આપ્યા નહોતા. અંતે યશકુમાર પટેલે પાંડેસરા પોલીસમાં બ્રિજેશ પટેલ અને તેની પત્ની પ્રિયંકાબેન વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ડી. જે. બારોટને સોંપી છે.

સચિનમાં 10 ચોપડી નાપાસે 'આશા ક્લિનિક' ખોલી નાંખ્યું

એલોપેથીક દવાઓ અને સાધનોનો ઉપયોગ કરી દર્દીઓની સારવાર કરતો હતો

સુરતઃ સચિન વિસ્તારમાં કોઈ પણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર એલોપેથીક દવાઓ અને સાધનો વડે લોકોની સારવાર કરતાં એક નકલી ડોક્ટરને પોલીસે ઝડપી પાડ્યો છે. આ ૧૦ નાપાસ ઇસમ 'આશા ક્લિનિક' નામે દવાખાનું ચલાવી લોકોના જીવનને જોખમમાં મુકતો હતો.

સચિન પોલીસને બાતમી મળી હતી કે વાંઝ ગામમાં આવેલા આકાશ કોમ્પ્લેક્સની વિક્રમભાઈની બિલ્ડિંગમાં 'આશા ક્લિનિક' નામે એક ઇસમ વગર ડિગ્રીએ પ્રેક્ટિસ કરે છે. બાતમીના આધારે મેડિકલ ઓફિસરની ટીમને સાથે રાખી પોલીસે દરોડો પાડતા ૪૦ વર્ષીય સંજીત નિલકોમલ વિશ્વાસ ઝડપાઈ ગયો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે આ આરોપી ૧૦ નાપાસ હોવા છતાં એલોપેથીક દવાઓ અને સાધનોનો ઉપયોગ કરી દર્દીઓની સારવાર કરતો હતો. મૂળ પશ્ચિમ બંગાળના નદીયા જિલ્લાનો વતની અને હાલ વાંઝગામમાં રહેતા આ નકલી ડોક્ટર વિરુદ્ધ પોલીસે બી.એન.એસ.ની કલમ ૧૨૫(૧) તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટની કલમ ૩૦, ૩૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શેરના નામે કરોડોની ઠગાઈ કરનાર સુરત એરપોર્ટ પર ઝડપાયો

૪૦ બેંક એકાઉન્ટમાં ૧૫૩૬ કરોડના શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા

૩૫ રોકાણકાર સાથે ૪.૨૬ કરોડની છેતરપિંડી આચરી હોવાનો પર્દાફાશ

સુરતઃ શેરબજાર અને કરન્સી ટ્રેડિંગમાં ઊંચા વળતરની લાલચ આપી રોકાણકારોના કરોડો રૂપિયા ઓહિયા કરી જતી આંતરરાષ્ટ્રીય ગેંગના એક વોન્ટેડ આરોપીને સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી દબોચી લીધો છે. આ ગેંગે મલ્ટિ લેવલ માર્કેટિંગ (MLM) અને ખોટી કંપનીઓ ઊભી કરી દેશભરના સેંકડો લોકો સાથે છેતરપિંડી આચરી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

સાયબર ક્રાઈમ સેલ દ્વારા અગાઉ ગત તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ સુરતના ઉત્રાણ વિસ્તારમાં આવેલી 'IV Trade' નામની ઓફિસ પર બાતમીના આધારે દરોડા પાડવામાં આવ્યા હતા. આ તપાસનો રેલો રાજકોટ સુધી પહોંચ્યો હતો, જ્યાં 'Sky Growth Wealth Management' ના નામે ચાલતી ઓફિસ પર પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે આ ગેંગ કોઈ પણ માન્ય લાઈસન્સ વગર રોકાણના નામે છેતરપિંડી આચરતી હતી. આ કેસમાં સંડોવાયેલા આરોપીઓ દુબઈ ભાગી ગયા હોવાથી તેમની સામે લુક આઉટ સર્ક્યુલર (LOC) જાહેર કરવામાં આવ્યો હતો. દરમિયાન વોન્ટેડ આરોપી અલ્પેશ લાલજીભાઈ વઘાસિયા (રહે., ઉમરા, સુરત, મૂળ રાજકોટ) ને સુરત એરપોર્ટ પર ઉતરતા જ ઝડપી પાડ્યો છે. આરોપીએ ભાડે ઓફિસ રાખી Hantec Markets જેવી કંપનીઓના નામે રોકાણ કરાવી છેતરપિંડી આચરી હોવાની કબૂલાત કરી છે. પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે આ ગેંગ દ્વારા ઉપયોગમાં લેવાયેલા ૪૦ જેટલા બેંક એકાઉન્ટ્સમાં અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૫૩૬ કરોડથી વધુના ટ્રાન્જેક્શન થયા છે. આ એકાઉન્ટ્સના આધારે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, દેશના ૨૩ જેટલા રાજ્યોમાં આ એકાઉન્ટ્સ વિરુદ્ધ કુલ ૧૭૧ ફરિયાદ નોંધાયેલી છે. જેમાં સૌથી વધુ ૩૨ ફરિયાદ કર્ણાટક અને ૨૧ મહારાષ્ટ્રમાંથી નોંધાઈ છે. અત્યાર સુધીની તપાસ મુજબ, આરોપીઓએ ૩૫ ઈન્વેસ્ટર સાક્ષીઓ સાથે અંદાજે રૂ. ૪,૨૬,૮૯,૫૫૦ ની છેતરપિંડી આચરી હોવાનું ફલિત થયું છે. આ કેસમાં પોલીસે અગાઉ ડેનીશ ઉર્ફે હેમલ ધાનક, જયસુખ પટોળીયા, યશ પટોળીયા અને અજય ઉર્ફે ગોપાલ ભિંડીની ધરપકડ કરી લીધી હતી.

દુબઈમાં યુદ્ધની સ્થિતિ અને ભાષાની મુશ્કેલી નડી

આરોપી અલ્પેશ વઘાસિયા છેલ્લા ઘણા સમયથી દુબઈમાં રહીને પોતાની છેતરપિંડીની ફેક્ટરી ચલાવતો હતો. જોકે, ત્યાંની વર્તમાન કફોડી પરિસ્થિતિ અને ખાસ કરીને યુદ્ધ જેવી સ્થિતિને કારણે તે દુબઈ છોડવા માંગતો હતો. માત્ર ૭ ધોરણ ભણેલા અલ્પેશને અંગ્રેજી આવડતું નહોતું, જેના કારણે તેને વિદેશમાં રહેવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. આખરે તેણે ભારત પરત ફરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ તેને પકડવા માટે પોલીસે પહેલેથી જ લૂક આઉટ સર્ક્યુલર (LOC) જારી કરી દીધો હતો.

બેંગકોક થઈને સુરત પહોંચવા માટે વારંવાર ફ્લાઈટ બદલી

પોલીસને ચકમો આપવા અલ્પેશ વઘાસિયાએ ત્રણ વખત સુરત આવવા માટે ફ્લાઈટ બુક કરાવી હતી, પરંતુ સંજોગોવશાત તે ફ્લાઈટ રદ થઈ ગઈ હતી. છેવટે, તે સીધો સુરત આવવાને બદલે પહેલાં બેંગકોક ગયો હતો. બેંગકોકથી વાયા વાયા થઈને તે સુરત એરપોર્ટ પર ઉતર્યો ત્યારે સાયબર ક્રાઈમની ટીમે તેને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. આ આરોપી મૂળ રાજકોટના ગોંડલનો વતની છે અને સુરતના વેલંજા વિસ્તારમાં આલીશાન બંગલામાં રહેતો હતો.

ડુમસ રોડની ગોવર્ધનનાથજીની હવેલીનો પાટોત્સવ ઉજવાયો

શનિવારે હવેલીમાં ઠાકોરજીને ફૂલના પલનામાં બિરાજીત કરી લાડ લડાવાયા

સુરત : ડુમસ રોડ ઉપર સ્થિત ગોવર્ધનનાથજીની હવેલીનો ૩૧મો પાટોત્સવ શનિવારે ધામધુમથી ઉજવવામાં આવ્યો. પાટોત્સવ નિમિત્તે વૈષ્ણવોએ મોટી સંખ્યામાં ફુલના પલના, અને ફુલમંડળી સાથે તિલકના દર્શન કર્યા હતા સાંજે હવેલી પ્રાંગણ ખાતે આયોજિત ભજન સંધ્યામાં વૈષ્ણવો ઝુમી ઉઠ્યા હતા.

ડુમસ રોડ ઉપર સ્થિત ગોવર્ધનનાથજીની હવેલીની મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠાને ફાગણ વદ દસમ, શનિવાર તા. ૧૪મી માર્ચના રોજ ૩૧ વર્ષ પુર્ણ થયા હતાં. છેલ્લા ૩૧ વર્ષમાં હવેલીમાં આયોજિત થતા વિવિધ કાર્યક્રમો દ્વારા હવેલીની લોકપ્રિયતા દિવસે દિવસે વધતી રહી છે. ગોવર્ધન હવેલીના ૩૧માં પાટોત્સવ નિમિત્તે હવેલી ખાતે શનિવારે સવારે સાડા નવ કલાકે ઠાકોરજીને ફુલના પલનામાં બિરાજિત કરી લાડ લડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ સવારે અગિયાર કલાકે ઠાકોરજીને ફુલ મંડળીમાં વિરાજિત કરી તિલક કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શહેરના વૈષ્ણવોએ મોટી સંખ્યામાં જોડાઈ દર્શનનો લાભ લીધો હતો અને ધન્યતા પ્રાપ્ત કરી હતી. સાંજે છ થી આઠ કલાકે હવેલીના પ્રાંગણ ખાતે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિવમ ગ્રુપ સુરતનાં રાજેશ નાયક અને સાથી વૃંદ દ્વારા ભજનો રજૂ કરાયા હતા.

હાઈટેક 'ડિજિટલ સેન્સસ' માટે મનપાનું તંત્ર સજ્જ

શહેરના તમામ 30 વોર્ડમાં 20 એપ્રિલથી વસ્તી ગણતરી શરૂ

ગાંધીનગર સેન્સસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ICCC ખાતે વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીની જાહેરાત ગમે ત્યારે થશે ત્યારે આગામી 20 એપ્રિલથી સુરત શહેરના તમામ 30 વોર્ડમાં સેન્સસની કામગીરીનો વિધિવત પ્રારંભ થશે. આ રાષ્ટ્રીય પ્રોજેક્ટને સફળ બનાવવા માટે ગાંધીનગર સેન્સસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા શુક્રવારે સુરત મહાપાલિકાના ICCC ખાતે વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટેક્નિકલ આસિસ્ટન્ટ્સ, આસિસ્ટન્ટ ઈજનેરો અને પ્રોજેક્ટ ઓફિસરોને કામગીરીની ઝીણવટભરી વિગતો અંગે સઘન તાલીમ આપી સજ્જ કરવામાં આવ્યા હતા. 20 એપ્રિલથી શરૂ થનારા પ્રથમ તબક્કામાં મુખ્યત્વે 'હાઉસ લિસ્ટિંગ' (મકાનોની યાદી તૈયાર કરવી) અને 'હાઉસિંગ સેન્સસ' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ તબક્કા દરમિયાન શહેરના દરેક મકાનનો પ્રકાર, તેમાં ઉપલબ્ધ પાયાની સુવિધાઓ અને માલિકી હક્ક જેવી પાયાની વિગતો એકત્રિત કરવામાં આવશે, ત્યારબાદ બીજા તબક્કામાં વ્યક્તિગત વસ્તી ગણતરી હાથ ધરાશે.

આ વખતની વસતી ગણતરીની સૌથી મોટી વિશેષતા એ છે કે તે સંપૂર્ણપણે 'ડિજિટલ' ફોર્મેટમાં યોજાશે. સુરત મહાનગરપાલિકાના ઈલેક્શન એન્ડ સેન્સસ ખાતાના જણાવ્યા અનુસાર, ગણતરીકારો હવે પરંપરાગત પેપર ફોર્મની જગ્યાએ ખાસ તૈયાર કરેલી 'સેન્સસ મોબાઈલ એપ'નો ઉપયોગ કરશે. આ ડિજિટલ અભિગમને કારણે મેળવેલી તમામ માહિતી સીધી સેન્ટ્રલ સર્વર પર અપલોડ થશે, જેનાથી ડેટા એન્ટ્રીમાં થતી ભૂલોની શક્યતા નહિવત થઈ જશે અને કામગીરીમાં પારદર્શિતા તથા ઝડપ આવશે.

આ ઉપરાંત, ટેકનોલોજીના યુગમાં લોકોને પોતાની વિગતો જાતે જ ઓનલાઈન સબમિટ કરવા માટે 'સેલ્ફ-એન્યુમરેશન'નો વિકલ્પ પણ આપવામાં આવે તેમ જાણવામાં આવ્યું છે.

ગેસ સિલિન્ડરના સંગ્રહખોરો સામે સર્જિકલ સ્ટ્રાઈક કરાશે

સુરતમાં પ્રાદેશિક ક્રાઈમ કોન્ફરન્સમાં DGP કે.એલ.એન. રાવની ચેતવણી

સુરતઃ રાજ્યની સુરક્ષા વ્યવસ્થાના કેન્દ્રબિંદુ સમાન સુરત શહેરમાં આજે પ્રાદેશિક ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. DGP ડો. કે.એલ.એન. રાવના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં સુરત શહેર અને રેન્જના પાંચ જિલ્લાઓના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ હાજરી આપી વર્ષ 2024-25ના ગુનાખોરીના આંકડાઓની સમીક્ષા કરી હતી. બેઠકમાં ખાસ કરીને જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસની ઘટનાઓનું વિશ્લેષણ કરી વણશોધાયેલા ગુનાઓ ઉકેલવા અને આધુનિક ડેટા એનાલિસિસ દ્વારા ગુનેગારો સુધી પહોંચવા પર ભાર મુકવામાં આવ્યો હતો. કોન્ફરન્સ દરમિયાન DGPએ બુટલેગરો અને કાળાબજારી કરનારા તત્ત્વોને કડક ચેતવણી આપતા જણાવ્યું કે, સંગઠિત ગુનાખોરી આચરતી ગેંગ પર ગુજસીટોક અને પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. સામાન્ય જનતાને સ્પર્શતા મુદ્દે તેમણે ગેસ સિલિન્ડરના કાળાબજાર રોકવા માટે વિશેષ અભિયાનની જાહેરાત કરી હતી, જેમાં સંગ્રહખોરો વિરુદ્ધ સર્જિકલ સ્ટ્રાઈક કરવા અને ગેસના વાહનોને અવરોધ વિના પહોંચાડવા માટે પોલીસ તૈનાત રહેશે.સાયબર ક્રાઈમ સામે મજબૂત કિલ્લેબંધી કરતા DGPએ જણાવ્યું કે, ટેકનોલોજીના માધ્યમથી પોલીસિંગને સ્માર્ટ બનાવવા માટે SVNIT સાથે મળીને 'સ્પંદન' પ્રોજેક્ટ શરૂ કરાયો છે, જે અંતર્ગત પોલીસ જવાનોના રિયલ ટાઈમ હેલ્થ મોનિટરિંગ માટે નવી હાઈટેક એપ્લિકેશન લોન્ચ કરવામાં આવશે.

ભરૂચને 1350 કરોડના વિકાસ પ્રોજેક્ટની ભેટ

એર સ્ટ્રીપ ફેઝ-2 સહિતના મેગા પ્રોજેક્ટ્સનું CM ભૂપેન્દ્ર પટેલે ખાતમુહૂર્ત કર્યું

ભરૂચઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શનિવારે ભરૂચના ઝાડેશ્વર ખાતે આયોજિત 'વિકાસ ઉત્સવ'માં જિલ્લાને રૂ.1350.68 કરોડના 139 વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. આમાં રૂ.1248.57 કરોડનાં 73 નવાં કામોનું ખાતમુહૂર્ત અને રૂ.102 કરોડનાં 66 કામોનાં લોકાર્પણ સામેલ છે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે અંકલેશ્વર-રાજપીપલા હાઈસ્પીડ કોરિડોર (રૂ.760 કરોડ) અને અંકલેશ્વર એર સ્ટ્રીપ ફેઝ-2 સહિતના મેગા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, ભરૂચમાં નવા જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નિર્માણથી 2 લાખથી વધુ યુવાનોને લાભ મળશે. તેમણે જંબુસરમાં એક હજાર એકરમાં દેશના પ્રથમ બલ્ક ડ્રગ્સ પાર્કની કામગીરીની પણ વિગત આપી હતી. નર્મદા પરિક્રમાર્થીઓ માટે 8 વિશ્રામ હોલ અને ગ્રામીણ વિસ્તારમાં 64 નવાં પંચાયત ઘરો બનાવવાની જાહેરાત પણ તેમણે કરી હતી.

પાંડેસરાના મકાનમાંથી રૂ.1.40 લાખ મતાની ચોરી

સુરતઃ પાંડેસરા રામેશ્વર નગરના મકાનમાં રાત્રિએ સોનાનું મંગળસૂત્ર, રોકડ તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦ ની મત્તા ચોરી થવા પામી હતી. પાંડેસરાના રામેશ્વરનગરમાં પ્લોટ નં. ૨૯૮માં રહેતા શોભનાબેન કિરણભાઈ ઓતારી (ઉ.વ. ૪૮) એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ રાત્રિએ શોભનાબેન, તેમના પતિ અને તેમની પુત્રી ઘરમાં સૂતા હતા. દરમિયાન રાત્રિના આશરે ૦૩ઃ૪૫ વાગ્યે શોભનાબેનની પુત્રીનો નાનો છોકરો રડવા લાગતા તેઓ જાગી ગયા હતા. જાગીને તપાસ કરતાં ઘરનો દરવાજો ખુલ્લો જણાયો હતો અને ઘરમાંથી ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી પુત્રીનું આશરે ૮ ગ્રામનું સોનાનું મંગળસૂત્ર (કિંમત રૂ. ૧,૦૦,૦૦૦), પર્સમાં રાખેલા રોકડા રૂ. ૩૫,૦૦૦ અને રૂ. ૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧,૪૦,૦૦૦ ના મત્તાની ચોરી કરી નાસી છૂટ્યા હતા.

વ્યવસાયીક ધંધાકીય

મોતીયાનુ ઓપરેશન
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

લાઈફ હિંચકાના કડાં
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

વુલન સ્વેટરો,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

સરળ Bank Loan
કરાવી આપીશું, Good Profile ઈન્કમ Property, Gold, Business 9824141999

ફીઝીકલ શેર સર્ટીફીકેટ
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

કબુતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

નવકાર વોટર પ્રુફિંગ
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (890)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

સ્વપ્ન ટ્રાવેલ્સ
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 10/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

રોશનીશિવ ટ્રાવેલ્સ
સુરત.- 9427478966, (1) તારીખ- 15/5, જગન્નાથપુરી, કલકત્તા, કામાખ્યાદેવી, વારાણસી, પ્રયાગરાજ, અયોધ્યા, દિવસ- 13, (2) તારીખ- 16/5, ચારધામ સાથે હરીદ્રાર, દિવસ- 15, (3) તારીખ- 17/5, તિરૂપતિ, રામેશ્વરમ, મદુરાઈ, હૈદરાબાદ, શ્રીશૈલમ, કન્યાકુમારી ત્રિવેન્દ્રમ, દિવસ- 12

રોયલ ભુતાન.
૩ સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન.ઉ.તારીખઃ 22-05-26.જાણીતું અને અનુભવી નામઃ બંકીમ મહેતા (સંસ્થાપક) સંપર્કઃ 9429507723.JOY N JOY TRAVELS.

નોકરી વિષયક

જોઈએ છે
સ્કૂલબસ માટે ડ્રાઈવર- 4, કંડક્ટર- 3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204829- 9924204827

વેચાણથી આપવાનું છે
સેટેલાઇટ બંગ્લોઝ માં સંપૂર્ણ હવા ઉજાસ વાળું
3BHK વીલા
પ્લોટ સાઈઝ : 236 ચો.વાર
બાંધકામ : 3000 ફુટ
ગ્રાઉન્ડ + 1 (સેમી ફર્નીશ્ડ)
વધુ વિગત અને વિઝીટ માટે સંપર્ક કરો
9724230670

જોઈએ છે
રાઉન્ડ પરસન, ફ્લેબોટોમિસ્ટ, લેબ ટેક્નિશિયન. યુનિપેથ લેબ અઠવાગેટ. 9824981741 (894)

Wanted Teacher
(Hindi and English medium) Science Std 9 & 10, and 11 & 12 account, Statistic, Economics, B.A and S.P Contact: Sarvoday Vidyalay, Ved Road, Bahuchar Nagar, Surat, Mo: 9879039064

ફ્લેટો વેચવાના છે
અસલ ઉત્સવપ્રિય સુરતીઓ માટે ખાસ જુની સીવીલ કોર્ટ, બહુમાળી બિલ્ડીંગ પાસેના સૌથી સલામત ખારવા મહોલ્લા, નાનપુરા, સુરત-૧ ખાતે નવા બંધાયેલા
'માસ્તર્સ ડ્રીમસ્કેપ'
એપાર્ટમેન્ટમાં વેસુ, અડાજણ, પાલ જેવા સરસ ફ્લેટો
મો.૯૮૨૪૧૧૨૮૬૮

જોઈએ છે
(1) આઈ ટેસ્ટીંગ માટે OPTOMETRIST (એપ્ટોમેટ્રિસ) (2) ચશ્માની લાઈનના જાણકાર સેલ્સમેન સંપર્કઃ 9638954442 (892)

મિલ્કત ભાડેથી

ઓફીસ લાયક જગ્યા
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

પ્રોપટી વેચવાની છે
બેંકને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ અને કોર્પોરેટ કંપનીને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ
જતીન શાહ
9227905111

લગ્ન વિષયક

લગ્ન વિષયક
કેનેડાનાં રહેવાસી (સીટીઝન) યુવક માટે કોઈ પણ કાસ્ટની યુવતી આવકાર્ય. ગણપતભાઈ જી. મૈસુરિયા મો. ૯૦૯૯૦૩૭૦૪૯ (891)

કર્ણાવતી મેરેજ બ્યૂરો
તમારો બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી (નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

સુરત નિવાસી
એકલા રહેતા અપરણિત બ્રાહ્મણ ઉમર વર્ષ 72 નિવૃત પેન્સનર માટે જીવનસાથી જોઈએ છે. અપરણિત, છુટાછેડા, વિધવા ચાલશે (જ્ઞાતિબાધ નથી) 8849938284 (893)

સુરત રહેતી
32 વર્ષની જૈન એજ્યુકેડ યુવતી માટે બિઝનેસ ફેમીલીના યુવકના આવકાર્ય 9512318416

વાહન લે-વેચ

છોટા હાથી વેચવાનો
છે અથવા ૫ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. માલિક કેનેડા જવાનું હોવાથી તાત્કાલિક તસ્દી લેવી, માર્કેટ તથા 30% ઓછા ભાવે ફ્લેટ આપવાના છે 3 રૂમ કીચન, 4000 સ્કેવરફીટ રાંદેર રોડ ઉપર વિજય સેલ્સની સામે આપવાના છે તથા 500 સ્કેવર ફીટની ઓફિસ આપવાની છે તથા પાલનપુર પાટીયા 4 માળની મેઈનરોડ ઉપર કોર્મશિયલ ઓફિસ આપવાની છે. મોઃ 9426152570 (888)

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત વેચવાની છે

અડાજણ મા જમનાદાસ
ઘારીવાળાની સામે ની ગલીમાં જુનુ રો હાઉસ કોર્નરનું વેચાણમાં આપવાનું છે. 165 વાર 1- 20 CR (દલાલ માફ) 9875085968 (889)

ઓલપાડ સાયણ રોડ
પર આવેલ શિવશક્તિ રેસીડેન્સીયલમાં પ્લોટ ફાયદામાં અરજન્ટ વેચવાનો. 6354771821

નવસારી શહેરનાં
તાલુકા જલાલપોરના મોજે ગામ દિપલામાં આવેલ ગ્રીન ઓશનવે રેસીડેન્સીયલમાં પ્લોટ સસ્તામાં વેચવાનો 6354771821

વેચવાનું
એક્યુપ્રેશર બેડ સેન્ટર માત્ર 3 લાખમાં. વાર્ષિક આવક 12 લાખ. 9428533365

મોરા (હજીરામાં)
લેબર- સુરવાઈઝરને રહેવા લાયક રૂમવાળું મકાન વેચાણથી આપવાનું છે. 9152556396

700 વાર બંગલાનો
પ્લોટ આદર્શ અને નર્મદનગર સોસાયટી ઘોદદોડ રોડ મા વેચવાનો છે 9376959013

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.